Economic Times (Gujarati)

September 4, 2015
Page No. 2

# સોલર એનર્જી ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતામાં વિપુલ તક

ઇટી બ્યુરો

અમદાવાદ

નેશનલ સોલર મિશન હેઠળ ભારત ૨૦૨૨ સુધીમાં ૧.૭૫ લાખ મેગા વોટ વીજળી ઉત્પાદન કરવાનો ઇરાદો ધરાવે છે ત્યારે આ ક્ષેત્રમાં ઉદ્યોગ સાહસિકો માટે વિપુલ તક છે એમ ગુજરાત સીએસઆર ઓથોરિટીના ચેરમેન મહેશ્વર સાહુએ જણાવ્યું હતું. ઑન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ (ઇડીઆઇ) ખાતે ગુરુવારે સોલર એનર્જી ક્ષેત્રમાં સોશિયલ ઑન્ત્રપ્રિન્યોરલ તક અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે સોલર વીજ ઉત્પાદન ક્ષમતા ૨૦૨૨ સુધીમાં હાલના સ્તરથી પાંચ ગણી કરવા માટે માનવબળ, નિષ્ણાતો, સિસ્ટમ્સ અને ટેક્નોલોજીની આવશ્યકતા ઊભી થશે અને તેના પગલે નવી તકોનું સર્જન થશે. તેમણે ચીન અને અમેરિકામાં સોલર પાવરની માંગની વિગતો પણ આપી હતી.

ઇડીઆઇ દ્વારા એસ્પાયર ડિસ્ક્રિપ્ટિવ સ્કિલ ફાઉન્ડેશન, શ્રી જગન્નાથ કલ્ચરલ એકેડેમી એન્ડ રિસર્ચ સેન્ટર (જેસીએઆરસી) અને જીટીયુ સાથે મળીને યોજવામાં આવેલી વર્કશોપમાં ઇડીઆઇના ડિરેક્ટર ડો સુનિલ શુક્લએ જણાવ્યું હતું કે આગામી સમયમાં ઘરેલુ વપરાશ માટે સોલર એનર્જીની માંગ વધશે અને તે માટે અનેક નવા ગેજેટ્સ અને ડિવાઇસ વિકસાવવા જરૂરી છે. ઇડીઆઇએ ગુજરાત સીએસઆર ઓથોરિટી અને જેસીએઆરસી સાથે કુશળ માનવબળ તૈયાર કરીને સોલર એનર્જીને વેગ આપવા માટે એમઓયુ કર્યા છે.